
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



થોડા દિવસ અહીં કોઈ ફરકવું ન જોઈએ... મહાન એકતા દિવસની ઊજવણી કરવાની છે... શું સમજ્યો...!!

# સિવિલના ચ ટાઈપ કવાટર્સમાં પાણીજન્ય રોગચાળાનો ઝંળુબતો ખતરો

ગાંધીનગર,તા.૧૮

જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં છાશવારે પાણીના પ્રશ્નો ઉઠવા પામે છે. ઓપરેશન થિયેટરમાં પાણી આવતુ ન હોવાથી ઓપરેશન પણ રદ કરવા પડ્યા હશે તેવી સ્થિતિ નિર્માણ પામે છે. ત્યારે કેમ્પસમાં આવેલા ચ ટાઈપ કક્ષાના રહેણાંક મકાનમાં દુર્ગંધયુકત અને ડહોળુ પાણી આવે છે. રહેણાંક વિસ્તારમાં રહેતા કર્મચારીઓ પીવા માટે તો મીનરલ પાણી મંગાવે છે, પરંતુ આવી રહેલ પાણી વપરાશ માટે પણ યોગ્ય ન હોવાથી તેઓ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. પાણીના પ્રશ્નને અંગે કર્મચારીઓએ પાટનગર યોજના વિભાગ અને પીઆઈયુ વિભાગને જાણ કરવા છતા હજુ સુધી ઉકેલ આવ્યો નથી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં સ્ટાફના કર્મચારીઓને રહેવા માટેના વિવિધ કક્ષાના આવાસ તૈયાર કરવામાં આવ્યા હતા. આવાસનું મરામતનું કામ પહેલા પાટનગર યોજના વિભાગ કરી રહ્યું હતું. ત્યારબાદ આરોગ્ય વિભાગમાં બાંધકામનુ કામ કરતા પીઆઈયુ વિભાગ દ્વારા આવાસોની જાળવણી કરવામાં આવે છે. ચ ટાઈપમાં પાણી દુર્ગંધયુકત આવી રહ્યું હોવાની જાણ પીઆઈયુ વિભાગને કરવામાં આવી છે.

પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી. ડહોળુ પાણી આવતા કર્મચારીઓ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે.તો બીજીતરફ પાણીજન્ય રોગચાળો માથુ ઉંચકે તેવી દહેશત ફેલાઈ રહી છે. તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. સિવિલ હોસ્પિટલ અને મેડીકલ કોલેજ સહિત હોસ્ટેલમાં પણ પાણી આવતુ ન હોવાની બુમો ઉઠવા પામે છે. કેટલીકવાર દર્દીઓ તેમજ સગાઓ પણ પાણીના પ્રશ્ને ફરીયાદો કરવા સિવિલ સતાધિશો સુધી પહોચ્યા છે. ત્યારે ગંદુ પાણી આવતુ હોવા છતા તેનો નિવેડો નહી આવે તો કર્મચારીઓ મકાન ખાલી કરી અન્યત્ર રહેવા માટે જાય તેમ લાગી રહ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં વિવિધ સરકારી કચેરીઓમાં હજુ રજાનો માહોલ છવાયેલો છે. આજે પણ કર્મચારીઓની સંખ્યા ઓછી રહી હતી.
- કેન્દ્રીય ગૃહ સચિવે આજે ગૃહ વિભાગ અને જિલ્લા કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ કરી હતી.
- અધિક ગ્રામ વિકાસ કમિશનરે પણ વિડીયો કોન્ફરન્સ કરી અને પંચાયતોની કામગીરી અંગે સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લામાં ઈદે-મિલાદના પર્વની ઉજવણી માટે જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુ સિંઘે સરકારની ગાઈડલાઈન પ્રમાણેનું જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે.
- ગાંધીનગર જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા આગામી ૨૧, ૨૨,૨૩ એમ ત્રણ દિવસમાં છ મેગા નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.
- ગાંધીનગર જિલ્લાના ખેતીવાડી અધિકારી ડી.પી. જાદવના પિતાશ્રી પરબતભાઈ કે. જાદવનું ટૂંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયુ છે.
- આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠનમાં ગાંધીનગરના મુકેશ પટેલને પ્રદેશ મંત્રી બનાવવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં દિવાળી પર્વની સાફ-સફાઈનું કામ કરતા શ્રમજીવીઓના ભાવમાં ખાસ્સો વધારો જોવા મળ્યો છે.
- ગાંધીનગર શહેરમાં સેકટરોના આંતરિક રસ્તાઓમાં જે ખાડા પડ્યા હતા ત્યાં થિગડાં મારતાં બમ્પ બનાવ્યા હોય તેવી સ્થિતિ થતાં નગરજનોમાં રોષની લાગણી જન્મી છે.

# આપના જિલ્લા પ્રમુખ મુકેશ પટેલને પ્રદેશમંત્રી તરીકે પ્રમોશન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીઓમાં આક્રમક પ્રચાર સાથે સૌનું ધ્યાનકર્ષિત કરવામાં સફળ રહેનારી આમ આદમી પાર્ટીને ભલે પરિણામમાં માત્ર એક જ બેઠક પ્રાપ્ત થઈ પરંતુ



પહેલીવાર અત્રે ચૂંટણી લડી રહેલી આપ પાર્ટીએ ૨૧ ટકાથી વધુ મતો અંકે કરીને પ્રસંશનીય પ્રદર્શન કર્યુ છે. આમ આદમી પાર્ટીની આ સફળતામાં જિલ્લા પ્રમુખ મુકેશભાઈ પટેલનું પણ નોંધપાત્ર યોગદાન રહ્યું હતું જેને અનુલક્ષીને પાર્ટી દ્વારા તેમને શિરપાવરૂપે પ્રદેશ સંગઠનમાં સ્થાન આપ્યું છે. આમ આદમી પાર્ટી દ્વારા મુકેશભાઈ પટેલની પાર્ટીના ગુજરાત પ્રદેશ મંત્રી તરીકે વરણી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા પ્રમુખ તરીકે પદભાર સંભાળ્યા બાદ દરેક તાલુકામાં સંગઠનને મજબૂત બનાવી પક્ષના વિકાસ કાર્યમાં યોગદાન આપ્યું છે તેમજ તેમણે ગાંધીનગર મનપાના ચૂંટણી દરમ્યાન ચૂંટણી નિરીક્ષક તરીકે પણ સેવાઓ આપી હતી. મુકેશભાઈ પટેલની પ્રદેશમંત્રી તરીકે વરણીને પાર્ટીની ગાંધીનગર જિલ્લા ટીમે વધાવી અભિનંદન પાઠવ્યા હતા.

# શહેરના ટ્રાફિકમાં અડચણરૂપ બનતા પાથરણા અને વાહનચાલકો સામે તંત્રની કાર્યવાહી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકની સમસ્યા વિકરાળ બની છે. ઠેર ઠેર ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળે છે. ત્યારે શહેરના માર્ગો પર ટ્રાફિકને અડચણ રૂપ બનતા પાથરણાવાળા તેમજ આડેધડ વાહનો પાર્ક કરતા વાહન માલિકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરના કેટલાક વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા ગંભીર બનવા પામી છે. જેમાં સેકટર-૧૧, ઘ-૪ થી ઘ-૫, સેકટર-૨૧ તેમજ ન્યું ગાંધીનગરના સરગાસણ, કુડાસણ સહિતના વિસ્તારમાં પણ વાહન કયાં પાર્ક કરવુ તે પ્રશ્ન દરેક નાગરીકને સતાવી રહ્યો છે. તો બીજીતરફ માર્ગો પર અડીંગા નાંખીને બેઠેલા પાથરણા વાળા પણ ટ્રાફિકમાં અડચણ ઉભી કરે છે. જયારે કેટલાક વાહન ચાલકો માર્ગો પર ગમે તેમ વાહનો હંકારી જીંદગી જોખમાય તે રીતે વાહન ચલાવતા હોય છે. ત્યારે પોલીસે આવા તમામ વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. આજે શાહપુર સર્કલ થી રીલાયન્સ ચોકડી તરફ બેસી રહેલા પાથરણા વાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. તો બીજીતરફ શહેરના ભીડભાડવાળા એરીયામાં ગમે તેમ વાહન પાર્ક કરતા વાહન માલિકોને દંડ ફટકારવામાં આવ્યો છે. જયારે મુસાફરો ભરીને રોકેટગતિએ રીક્ષા હંકારતા ચાલકો સામે પણ પોલીસ તંત્ર દ્વારા લાલ આંખ કરીને દંડનીય કાર્યવાહી કરવામાં આવતા નાગરીકોમાં ડરનો માહોલ જોવા મળ્યો છે. ત્યારે આગામી સમયમાં દિવાળીના દિવસોને પગલે બજારમાં ઘરાકી રહે તેવી આશા વેપારીઓ વ્યકત કરી રહ્યા છે. ત્યારે ટ્રાફિકમાં અડચણરૂપ વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં ન આવે તો ટ્રાફિકની સમસ્યા વધુ વિકરાળ બની શકે છે.

## રાજ્યમાં કોરોનાના વધુ ૧૮ કેસ

ગાંધીનગર, તા.૧૮

રાજ્યમાં કોરોનાના નવા ૧૮ કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૩૨ દર્દીઓ રિકવર થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૦૨૯ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે ગુજરાતનો કોરોના રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૭૬ ટકાએ પહોંચ્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૩,૬૧,૮૫૨ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૯૩ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૪ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૧૮૯ સ્ટેબલ છે. ૮,૧૬,૦૨૯ નાગરિકો અત્યાર સુધીમાં કોરોનાને હરાવી ચુક્યા છે. ૧૦૦૮૬ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને મોત નિપજ્યાં છે.

આજે એક પણ વ્યક્તિનું મોત થયું નથી. સુરતમાં ૫ કેસ આવ્યા છે. વલસાડમાં ૪ કેસ આવ્યા છે. નવસારીમાં ૩ કેસ નોંધાયા છે. સુરત કોર્પોરેશનમાં ૨ કેસ સામે આવ્યા છે. જયારે અમદાવાદ કોર્પોરેશન, ગીર સોમનાથ, જૂનાગઢ અને વડોદરામાં ૧-૧ કેસ આવ્યા છે. આ પ્રકારે કુલ ૧૮ કેસ આવ્યા છે.



પોલીસ વિભાગમાં આગામી દિવસોમાં મોટી ભરતીની જાહેરાત કરવામાં આવી છે. રોજગારવાંચ્છુ યુવાનો પોલીસ વિભાગમાં ભરતી થવા માટે થનગની રહ્યા છે. પોલીસ વિભાગમાં ભરતી માટે શારીરિક સજ્જતાની જરૂરીયાત હોઈ શહેરના ઘણા યુવાનો અત્યારથી જ તેની તૈયારી કરી રહ્યા છે. વહેલી સવારના ખુશનુમા વાતાવરણમાં ઘણા યુવાનો રનીંગની પ્રેક્ટીસ કરતા જોવા મળે છે.

# ગોલ્ડન કટાર ડિવિઝનના કમાન્ડ તરીકે કાર્યભાર સંભાળતા મેજર જનરલ મોહિત વાધવા

ગાંધીનગર તા.૧૮

આજે તા.૧૮મી ઓકટોબરના રોજથી દક્ષિણ રાજસ્થાન અને ગુજરાતમાં પાકિસ્તાન સાથે ભારતની સરહદને સલામત રાખવા માટે વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ એવા ગોલ્ડન કટાર ડિવિઝનના સંચાલનની જવાબદારી મેજર જનર મોહિત વાધવાએ સંભાળી છે.

જનરલ વાધવાએ ત્રણ દાયકા કરતાં લાંબી તેમની વિશિષ્ટ કારકિર્દી દરમિયાન લગભગ આખા દેશમાં અને વિદેશમાં વિવિધ પ્રદેશો તેમજ વિસ્તારોમાં કમાન્ડ, સ્ટાફ અને ઈન્સ્ટ્રક્શનલ નિયુક્તિઓ પર સેવા આપી છે. તેમના કમાન્ડ તરીકેના કાર્યકાળમાં પ્રતિષ્ઠિત પાંચ સશસ્ત્ર રેજિમેન્ટ અને સ્ટ્રાઈક કોરના ભાગરૂપે સશસ્ત્ર બ્રિગેડને કમાન્ડ કરવાનું શામેલ છે. સ્ટાફ નિયુક્તિમાં સ્વતંત્ર સશસ્ત્ર બ્રિગેડની સીએરા લિઓન, જીએસઓ-૩,



આસિસ્ટન્ટ મિલિટરી સચિવ, બોત્સવાના સંરક્ષણ દળોના નાણાકીય સલાહકાર, સશસ્ત્ર વિભાગના કોલોનલ જનરલ સ્ટાફ, ભટિંડા સ્થિત કોરના બ્રિગેડિયર જનરલ સ્ટાફ અને પૂણે ખાતે નાયબ મિલિટરી સચિવ તરીકેની સેવાઓ શામેલ છે.

તેઓ વેલિંગ્ટનમાં પ્રતિષ્ઠિત સંરક્ષણ સેવા સ્ટાફ કોલેજમાં ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી ચુક્યા છે અને રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિના બોડીગાર્ડ સાથે પણ સેવા આપી ચુક્યા છે. જનરલ વાધવાને તેમની કારકિર્દી દરમિયાન તેમના પ્રોફેશનલીઝમના કારણે અનેક પ્રસંગે સન્માનિત કરવામાં આવ્યા છે. ખૂબ જ સારું બૌદ્ધિકચાતુર્ય ધરાવતા જનરલ ઓફિસર ઓપરેશનલ કળા અને દાવપેચ યુદ્ધમાં પારંગત છે. ઉલ્લેખનીય છે કે શ્રીમતી મોનિકા વાધવાએ પણ વિભાગના પરિવાર કલ્યાણ સંગઠનના ચેરપર્સન તરીકે હોદ્દો સંભાળ્યો હતો, જેઓ એક શિક્ષકવિદ છે અને સામાજિક સેવા માટે ખૂબ જ તત્પર રહે છે.

# સ્માર્ટ વૉચના આધારે સફાઈ કામદારોના પગાર કપાતાં રજુઆત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકામાં સેગ્રીગેશનના વિવાદનો ઉકેલ આવવાના અણસાર વચ્ચે સફાઈ કામદારોના પગારમાં થયેલી મોટી કપાતનો મુદ્દો આજે પ્રકાશમાં આવ્યો છે.

શહેરમાં સપાઈ કામદારોને સ્માર્ટ વૉચ પહેરવાનો નિર્ણય ફરજીયાત થતાં પગાર કપાઈ ગયો હોવાના દાવા સાથે સફાઈ કામદારોએ મનપાના તંત્ર સમક્ષ આ મુદ્દે રજુઆતો કરી હડતાળની ચિમકી આપી હોવાનુ જાણવા મળેલ છે.

ડોર ટુ ડોર કલેક્શનમાં હવે રોજનો ૫૦-૫૫ ટન કચરો એકત્ર થઈ રહ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે, પણ સ્માર્ટ વૉચને લઈ હવે નવો વિવાદ ઉભો થયો છે. સફાઈ અભિયાનને સફળ બનાવવાના માર્ગમાં આ બન્ને વિવાદ અડચણરૂપ છે ત્યારે વાંરવાર ઉભા થતા વિવાદોને લઈ મનપાનું તંત્ર પણ આકરા પગલાં લેવા માટે સજ્જ થઈ ચુક્યુ છે.

સ્વચ્છતા સર્વેક્ષણમાં સારા રેન્કીંગ માટે કચરાનું સેગ્રીગેશન જરૂરી છે અને તંત્ર દ્વારા તેના અમલના પ્રયાસો થઈ રહ્યા છે. બીજી તરફ કેટલીક એજન્સીઓ ચાલાકી કરી ઓછા માણસો સાથે આ કામગીરી કરે છે અને પગાર કપાતાં હોબાળા થતા હોવાનું તંત્રના ધ્યાને આવ્યુ છે. આથી એજન્સીઓ સામે પણ તંત્ર દ્વારા આગામી દિવસોમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવી શકે તેવા સંકેતો મળી રહ્યા છે.



મધ્યાહન ભોજન યોજના હેઠળના કર્મચારીઓ વેતન વધારાની માંગ કરી રહ્યા છે. સત્યાગ્રહ છાવણી ખાતે તેઓએ ધરણાં કર્યા હતા. ધરણા કરનાર કર્મચારીઓની પોલીસે અટકાયત કરી હતી.



ગાંધીનગરની જાણીતી મલ્ટી સ્પેશ્યાલીસ્ટ આશ્કા હોસ્પિટલ દ્વારા સુપર સ્પેશ્યાલિસ્ટ કન્સલ્ટેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. દર્દીઓએ મોટી સંખ્યામાં આ કેમ્પમાં ભાગ લઈ નિષ્ણાત તબીબોનું માર્ગદર્શન મેળવ્યુ હતુ.

# રાંધેજા ખાતે દંપતિ પર પાડોશીઓનો હુમલો

ગાંધીનગર,તા.૧૮

રાંધેજા સરકારી પ્રાથમિક શાળાની પાછળ રહેતા દંપતિ પર પાડોશીઓએ હુમલો કરી મહિલાને માથાના ભાગે તેમજ પગમાં પણ દંતાળી મારી ઈજા પહોંચાડી હતી. જમીનની કોર્ટ મેટર ચાલતી હોવાથી પાડોશીઓએ માથાકુટ કરી હતી. જયારે તેણીના પતિને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૩ બ્લોક નં.૧૫૫-૧ બી ટાઈપ ખાતે જયોત્સનાબેન કમલેશકુમાર સોલંકી (ઉં.૪૩) પોતાના પરિવારમાં બે બાળકો સાથે રહીને ઘરકામ કરે છે. જયારે તેણીના પતિ સરકારી નોકરી કરે છે. ગતરોજ દશ વાગ્યાના સુમારે રાંધેજા ઘર સાફ કરાવવા માટે કમલેશભાઈ ગયા હતા.જયારે જયોત્સનાબેન બપોરના સુમારે ટીફીન આપવા માટે ગયા હતા. તે સમયે કમલેશભાઈ ઘરની આગળ વાડાની સફાઈ કરી રહ્યા હતા. તે સમયે પાડોશમાં રહેતા અજીતભાઈ ચિમનભાઈ દંતાણી સાથે જમીન અંગે કોર્ટ મેટર ચાલતી હોવાથી તેઓ જેમ ફાવે તેમ ગાળો બોલી રહ્યા હતા. જેથી જયોત્સનાબેને તેમના પતિને આપણે કંઈ બોલાચાલી કરવી નથી. તેમ છતા અજીતે ગાળો બોલવાનું ચાલુ રાખ્યું હતું. તેનુ ઉપરાણુ લઈને અજીતના પિતા ચિમનભાઈ નાગરભાઈ દંતાણીએ પણ દંપતિને ગાળાગાળી કરી હતી. તેઓ અપશબ્દો બોલીને દંપતિના ઘર પાસે અજીત અને તેના પિતા ચિમનભાઈ આવી ગયા હતા અને દંપતિના વાડામાં પડેલી દંતાળી જયોત્સનાબેનના વાળ પકડીને માથાના ભાગે તેમજ ડાબા પગે દંતાળીનો દાંતો માર્યો હતો. દંતાળી વાગતા તેણી નીચે પડી જતા તે સમયે રાજેશ ચિમન દંતાણીની દિકરીએ તેણીના પતિને પગમાં કોદાળીનો હાથો ભરાવી નીચે પાડી દીધા હતા. ત્યારબાદ અજીત અને તેની પત્ની કમલેશભાઈને ગડદાપાટુનો માર મારતા હતા. ત્યારે કમલેશભાઈ એકદમ ઉભા થઈને તેમના પત્ની પાસે ગયા હતા અને ચિમનભાઈએ પકડેલા માથાના વાળ છોડાવી જયોત્સના બેનને ઘરમાં લઈ ગયા હતા. ત્યારબાદ પોલીસને જાણ કરતા પોલીસ આવી પહોંચી હતી. ત્યારે હવે પછી રાંધેજા આવશો તો જાનથી મારી નાંખીશું તેવી ધમકી જતા જતા આપીને ઘરે ગયા હતા. જયારે ઈજાગ્રસ્ત દંપતિને સારવાર માટે ખસેડાયા હતા. જયારે પેથાપુર પોલીસે જયોત્સનાબેનની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર પોલીસનો જવાન રાજ્યકક્ષાની સ્પર્ધામાં ઝળક્યો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર પોલીસ



વિભાગના જવાનો તેમની ફરજ નિભાવવા સાથે રમતગમત જેવી પ્રવૃત્તિઓમાં પણ પ્રસંશનીય યોગદાન આપી રહ્યાં છે. ગાંધીનગરના પોલીસ અધિક્ષક કચેરીએ ફરજ બજાવતા અ.હેડ કોન્સ્ટેબલ જિજ્ઞેશ કિરીટભાઈ મોદીએ તાજેતરમાં વડોદરાના વાઘોડિયા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની સ્પર્ધાઓ પૈકી બે સ્પર્ધામાં પ્રથમ અને એકમાં દ્વિતિય સ્થાન મેળવ્યું છે.

જિજ્ઞેશ કિરીટભાઈ મોદીએ સ્પોર્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા વડોદરા ખાતે આયોજિત ગુજરાત સ્ટેટ ફુલ પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશીપ - ૨૦૨૧ અને ગુજરાત સ્ટેટ ડેડલિફ્ટ ચેમ્પિયનશીપ - ૨૦૨૧માં પ્રથમ સ્થાન અને ગુજરાત સ્ટેટ બેન્ચપ્રેસ ચેમ્પિયનશીપ -૨૦૨૧માં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરીને ગાંધીનગર જિલ્લા પોલીસને રાજ્યકક્ષાની સ્પર્ધામાં નામના અપાવી છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે 'ભારત વિભાજનનાં કારણો' અંગે યોજાયું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૮

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ચિલ્ડ્રન્સ યનિવર્સિટી ખાતે '૧૮૫૭ થી ૧૯૪૭નો ઈતિહાસક્રમઃ ભારત વિભાજનનાં કારણો' પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે જણાવ્યું હતું કે, ૧૮૫૭ થી ૧૮૫૯ના બે જ વર્ષમાં ૩ લાખ અને એ પછી ૧૯૪૭ સુધીમાં બીજા ૩ લાખથી વધુ મળીને કુલ ૬ લાખથી વધુ લોકોએ શહીદી વહોરી છે, એ પછી આઝાદી મળી છે. ભારતની આઝાદી સશસ્ત્ર ક્રાંતિ અને અહિંસક લડત બંનેના સંયોગનું પરિણામ છે. ભારત વિભાજનનાં કારણો પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને સમજવા ૧૮૫૭ નહીં પણ ૧૭૫૭ થી ઈતિહાસને સમજવાનું શરૂ કરવું જોઈએ. પ્લાસીના યુદ્ધ પછી અંગ્રેજોની શોષણખોરી હદ વટાવી ગઈ હતી અને તેની સામે સન્યાસી વિદ્રોહથી માંડીને અનેક ક્રાંતિઓ થઈ હતી. તેમણે ભારત વિભાજનનાં અનેક ઓછાં જાણીતાં પાસાંઓ પર પ્રકાશ પાડ્યો હતો. ભારતીય ઈતિહાસ સંકલન સમિતિના ગુજરાત પ્રાંતના મહામંત્રી હસમુખભાઈ જોશીએ કહ્યું હતું કે ભારતમાં સ્વાતંત્ર્ય




આવ્યું છે પણ 'સ્વ'તંત્ર નથી આવ્યું. મેકોલે અને તેમના માનસપુત્રોએ એવી શિક્ષણવ્યવસ્થા ઉભી કરી છે કે આપણને દીનતા-હીનતાનો અનુભવ થાય એવો વિકૃત ઈતિહાસ લખવામાં આવ્યો છે. જો કે હવે તથ્યોના આધારે, આધાર-પુરાવા-પ્રમાણ અને મૂલ્યોના આધારે ઈતિહાસ ફરીથી લખાતો થયો છે. આ માટે જ ઈતિહાસ સંકલન સમિતિની રચના થઈ છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિએ કહ્યું હતું કે દેશની આઝાદી પાછળ અનેક લોકોના લોહી રેડાયા છે, અનેકોની ચામડી ઉતરડી નંખાઈ છે. એમ જ આઝાદી નથી મળી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. ખ્યાતિ દવેએ કર્યુ હતુ. જયારે ડૉ. ચિરાગ સોલંકીએ 'સંદેશે આતે હૈ ગીત'ની ભાવસભર રજૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પરિવારના સભ્યો ઉપરાંત ગણમાન્ય નાગરીકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧